આવો જાણીએ
આપણાં ભાવેણાંને
MageComp
www.MageComp.com

#આપણુંભાવનગર

નિલમબાગ પેલેસ ભાવનગરના વર્તમાન મહારાજા શ્રી વિજયરાજસિંહજી વિરભદ્રસિંહજી ગોહિલનું રહેઠાણ છે. જે હાલમાં નિલમ હોટલ તરીકે પ્રખ્યાત છે.

MageComp

#આપણુંભાવનગર

શામળદાસ આર્ટસ કોલેજ ઉચ્ચ શિક્ષણ માટે ભાવનગરની સૌથી જૂની સંસ્થા છે. આ સંસ્થામાં મહાત્મા ગાંધીજીએ ઈ.સ.૧૮૮૪માં અભ્યાસ કર્યો હતો.

MageComp

#આપણુંભાવનગર

૨૪ મે ૧૯૭૯ માં ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી એ ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના કરી હતી જે ૧૯૮.૨૯ એકરની જમીનમાં ફેલાયેલ છે. આ યુનિવર્સિટી સાથે હાલમાં ૧૦૦થી પણ વધુ કોલેજો જોડાયેલ છે.

MageComp



#આપણુંભાવનગર

બાર્ટન લાઈબ્રેરી (૧૮૯૫) ગુજરાતના પુસ્તકાલયોમાંનુ સૌથી પ્રાચીન પુસ્તકાલય છે. જે ઈમારતનું બાંધકામ ચોરસ પથ્થર તથા બારી અને છતનું ચણતર મેંગલોર ટાઈલ્સથી કરવામાં આવ્યું હતું.

MageComp

#આપણુંભાવનગર

ભારતના પશ્ચિમ તટ પર આવેલું પીપાવાવ બંદર ભારતનું સર્વપ્રથમ ખાનગી ક્ષેત્રનું બંદર છે. જયાં મોટા જથ્થામાં કંન્ટેનર્સ દવારા માલની આયાત – નિકાસ કરવામાં આવે છે.

MageComp

#આપણુંભાવનગર

ગૌરીશંકર તળાવ ૩૮૧ હેકટરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલ છે. જે બોરતળાવના નામે પ્રખ્યાત છે. જેને જાણીતા દિવાનશ્રી ગૌરીશંકર ઓઝાનું નામ આપવામાં આવ્યું છે. અહીં બોટીંગ, તારાગૃહ, સંગીતવાદ્યો,ફુવારા તથા બાલવાટીકા આકર્ષણના કેન્દ્રો છે.

MageComp

#આપણુંભાવનગર

ગંગાજળીયા તળાવ ભાવનગર શહેરના મધ્યે આવેલું છે. જયાં ગંગાદેરીના નામે ઓળખાતું ગંગાદેવીનું મંદિર આવેલ છે. જેમાં સફેદ આરસથી બનેલ છરતી અને પાર્ટીશન આકર્ષણનું કેન્દ્ર છે.

MageComp

#આપણુંભાવનગર

ગુજરાત મેરીટાઈમ વિભાગ દવારા, ઘોઘા – દહેજ વચ્ચે રો – રો ફેરી સેવાની શરૂઆત કરવામાં આવશે જેનાથી ૩૬૦ કિ.મી.નું અંતર સમુદ્ર માર્ગેથી ફકત ૩૨ કિ.મી. જેટલું અંતર થઈ જશે.

MageComp

#આપણુંભાવનગર

અક્ષરવાડી મંદિર ભાવનગરના પ્રસિધ્ધ મંદિરોમાંનું એક છે. સુંદર સ્થાપત્ય, મનોહર અને પવિત્ર વાતાવરણ, મંદિરના મુલાકાતીઓને સુખ,શકિત અને માનસિક શાંતિનો આહલાદક અનુભવ કરાવે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરના સિહોરમાં આવેલ બ્રહમકુંડ હિન્દુ દેવતાઓથી ઘેરાયેલા પગથિયાવાળો કુંડ છે. આ કુંડના પગથિયાઓમાં નાના મંદિરો, રૂપકો, દેવી–દેવતાઓની મૂર્તિઓની કોતરણી અને અન્ય જટિલ પથ્થરકામ કરવામાં આવેલું છે.

MageComp

#આપણુંભાવનગર

૧૯૫૫માં બનેલું ગાંધી સ્મૃતિ ક્રેસંટ સર્કલ સ્થિત એક સ્મારક છે. તેની મુખ્ય ઓળખ ઘડિયાળનો ટાવર છે. મહાત્મા ગાંધીજીના જીવન અને રાષ્ટ્ર માટે તેમણે કરેલી સેવાઓની માહિતી અહીંથી મેળવી શકાય છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરથી ૫૫ કિમી દુર આવેલ ગોપનાથ એક નૈસર્ગિક દરિયાકિનારો છે જે તેના કુદરતી સૌંદર્ય, ચુનાના ખડકો અને કિનારા પર આવેલી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ માટે પ્રખ્યાત છે.

MageComp

#આપણુંભાવનગર

સિહોરથી લગભગ ૩ કિમી દુર આવેલું ગૌતમેશ્વર મહાદેવનું મંદિર એક સ્વયંભુ શિવલિંગનું મંદિર છે. જે સ્થાનિક ભકતો દવારા જાળવવા અને વિકાસ કરવામાં આવ્યુ છે. ત્યાનું કુદરતી સૌંદર્ય, શાંત વાતાવરણ અને ફોટોગ્રાફિક સ્થાન તેને એક અદભૂત પ્રવાસન સ્થળ બનાવે છે.

MageComp

#આપણુંભાવનગર

પાલીતાણાથી ૨૫ કિમી દૂર શેત્રુંજી નદીના કિનારે આવેલ હસ્તગીરી તીર્થ પવિત્ર જૈન મંદિર છે. જેની સ્થાપના ભગવાન આદિશ્વરના પુત્ર ભરત ચક્રવર્તી દવારા કરાવામાં આવી હતી. આજે પણ એક ટેકરી પર ભગવાનના ચરણોની છાપ જોઈ શકાય છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરથી ૧૮ કિમી દૂર આવેલું ખોડિયાર મંદિર ભાવનગરના પ્રખ્યાત અને પવિત્ર મંદિરોમાંનુ એક છે. મંદિરમાં આવેલ ૩૬ સ્તંભો તેના કેન્દ્રમાં આવેલા મંડપને આધાર આપે છે. મંદિરની આસપાસ આવેલા આકર્ષક તળાવ, પર્વત અને લીલોતરી વનસ્પતિઓ તેના સૌંદર્યનો વધારો કરે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગર ખાતે આવેલ મહુવા ગામમાં ૫૫ ડુંગળીના ડીહાઈડ્રેશન પ્લાન્ટ આવેલા છે. જે ભારતનું બીજા ક્રમનું સૌથી મોટું ડુંગળી ઉત્પાદનનું કેન્દ્ર છે. જયાંથી ડુંગળીની ભારતના અન્ય રાજયોમાં નિકાસ કરવામાં આવે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરથી ૨૬ કિમી દૂર આવેલું માળનાથ શિવ મંદિર નદી અને ડુંગરોની વચ્ચે આવેલું છે. મંદિરની પવિત્રતા અને આસપાસની કુદરતી સુંદરતા સુખ, સ્થિરતા અને મનની શાંતિનો અનુભવ કરાવે છે.

MageComp

#આપણુંભાવનગર

અયોધ્યાપુરમ ૩૦૦ ટન વજનના મોટા પથ્થરથી તાજેતરમાં બાંધવામાં આવેલું જૈન તીર્થ છે અહીં કોતરવામાં આવેલી ૨૩ ફુટ ઉંચી ભગવાન રીષભદેવની મૂર્તિ ચમત્કારીક શકિત ધરાવતી હોવાનું માનવામાં આવે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરના જૂના બંદર સ્થિત મોડેસ્ટ જહાજ બાંધકામ અને સમારકામ માટેનું મુખ્ય શીપયાર્ડ છે. આ યાર્ડમાં ઉચ્ચ ગુણવતાયુકત જહાજો બનાવવા અને સમારકામ કરવા માટેની ઉતમ સુવિધાઓ અને સક્ષમ કાર્યદળો ઉપલબ્ધ છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગરના કોળીયાકમાં આવેલુ નિષ્કલંક મહાદેવ મંદિર સમુદ્રની વચ્ચે આવેલું છે જેની સ્થાપના પાંડવોએ કરેલી હોવાનું માનવામાં આવે છે. ભરતીના સમયે ફકત તેની ધ્વજા અને આધારસ્થંભ જ જોઈ શકાય છે. ભાદરવી અમાસના દિવસે આ જગ્યાએ મોટો મેળો ભરાય છે જયાં લાખો લોકો દર્શનનો લાભ લે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવવિલાસ મહેલ નામની ભવ્ય મિલ્કત હાલ ભાવનગરના મહારાજ શિવભદ્રસિંહજી ગોહિલ અને તેમના પરિવારનું નિવાસસ્થાન છે આ મહેલ અત્યારે વન્યજીવોના સંગ્રહ અને તળાવ બાજુનું રમણીય દશ્ય જોવા માટે પ્રસિધ્ધ છે.

MageComp

#આપણુંભાવનગર

અલંગ વિશ્વનું સૌથી મોટું શિપ બ્રેકિંગ યાર્ડ છે. જે ભાવનગરથી ફકત ૫૦ કિમી અંતરે આવેલું છે. અલંગના દરિયા કિનારે આશરે ૧૭૦ જેટલા પ્લોટસ આવેલા છે, જે ૪૦,૦૦૦ જેટલાં કામદારોને રોજગારી પૂરી પાડે છે. જયાં વિશ્વના ૫૦% જહાજોનું સમારકામ કરવામાં આવે છે.

MageComp

#આપણુંભાવનગર

તખ્તેશ્વર મહાદેવનું મંદિર ભાવનગરની આગવી ઓળખ સમાન છે. જે (૧૮૯૩)માં સફેદ આરસપહાણમાંથી એક ટેકરી પર બનાવવામાં આવ્યુ છે અને તેના પરથી આખા ભાવનગરનું રમણીય દ્રશ્ય જોઈ શકાય છે.

MageComp

#આપણુંભાવનગર

૨૦૦૦ ફુટની ઉંચાઈએ આવેલ ગુજરાતનું પાલીતાણા શહેર વિશ્વનું એક માત્ર સ્થળ છે જયાં ૯૦૦ થી પણ વધુ જૈન મંદિરો આવેલા છે.

MageComp

#આપણુંભાવનગર

સી.એસ.એમ.સી.આર.આઈ.(સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્સ્ટીટયુટ) એ ગુજરાત સી.એસ.આઈ.આર.ની એક માત્ર અંગભૂત પ્રયોગશાળા છે. અહિં જાત્રોફાથી બાયોડિઝલ વિકસાવામાં અને નોંધપાત્ર સંશોધનો હાથ ધરવામાં આવે છે.

MageComp

#આપણુંભાવનગર

પીરમબેટ ઘોઘાથી લગભગ ૬ કિ.મી. ના અંતરે આવેલ એક ટાપુ છે. જયાં લગભગ ઈ.સ.૧૩૨૫માં કિલ્લો બાંધવામાં આવેલ હતો. જયાં નિર્ભય તથા નાશપ્રાય પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓ વસવાટ કરે છે.

MageComp



#આપણુંભાવનગર

વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન ભારતભરમાં પ્રખ્યાત છે. જે ૩૪.૦૮ કિ.મી. વિસ્તારમાં આવેલ છે. જેમાં મુખ્યત્વે કાળીયાર, નીલગાય, વરુ, શિયાળ, જંગલી બિલાડી, જંગલી ડુક્કર જેવા પ્રાણીઓ વસે છે.

MageComp

#આપણુંભાવનગર

વિકટોરીયા પાર્ક ભારતીય વનવિભાગ દવારા સંચાલિત જંગલ છે. જે ૫૦૦ એકર જેટલા વિસ્તારમાં ફેલાયેલ છે. જેમાં આવેલા વિવિધ વનસ્પતિઓ, પ્રાણીઓની અને પક્ષીઓની પ્રજાતિઓ લાખો પ્રકૃતિ પ્રશંસકોને આર્કષિત કરે છે.

MageComp

#આપણુંભાવનગર

ભાવનગર શહેરને "બગીચાના શહેર" તરીકે પણ ઓળખવામાં આવે છે.
ભાવનગરમાં દરેક રસ્તાની વચ્ચે તથા ખૂણા પર બગીચાઓ આવેલા છે.

MageComp